ter No: NWRWSKD/1631/05/2025 Approved Date: 06-06-2025

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હસ્તકના સંવર્ગોમા દિવ્યાંગ વ્યક્તિઓની દિવ્યાંગતા સુનિશ્ચિત કરવા માટે દિવ્યાંગતાનો પ્રકાર નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ઠરાવ ક્રમાંક : NWRWSKD/EST/e-file/13/2025/2491/KH

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૧/૨૦૨૫

વંચાણે લીધા :

૧. ભારતના સરકારના કાયદો અને ન્યાય મંત્રાલયનો તા.૨૭/૧૨/૨૦૧૬નો Act No. 49 OF 2016 (THE RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT, 2016) ની કલમ-૩૪

૨. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક:38-16/2020-DD-III

૩. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા.૨૪/૦૮/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક:30-12/2020-DD-III

૪. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૮/૦૮/૨૦૨૧ના પરિપત્ર ક્રમાંક:અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧ (પાર્ટ-૪)

૫. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૬/૨૦૨૨નો પત્ર ક્રમાંક:SJED/MSM/e-file/17/2022/1845/CHH-1

૬. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૨ અને તા.૩૦/૧૨/૨૦૨૨ના અનુક્રમે પરિપત્ર અને સુધારા પરિપત્ર ક્રમાંક : અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૬).

૭. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૩ના અને તા.૧૧/૧૦/૨૦૨૩ના અનુક્રમે ઠરાવ અને સુધારા ઠરાવ ક્રમાંક:SJED/DIA/efile/17/2023/1761/CHH-1.

૮. અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષ સ્થાને તા.૩૦/૦૪/૨૦૨૫ના રોજ મળેલ તજજ્ઞ સમિતિની કાર્યવાહી નોંધ.

૯. નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૧૫/૦૬/૨૦૨૪ અને તા.૩૧/૦૮/૨૦૨૪ના અનુક્રમે ઠરાવ અને સુધારા ઠરાવ ક્રમાંક : NWRWSKD/MIS/e-file/13/2022/2701/Section-E

૧૦. અત્રેના તા.૨૧/૦૯/૨૦૨૩ અને તા.૧૦/૧૨/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:NWRWSKD/EST/e-file/13/ 2023/12319/KH.

૧૧. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના તા.૧૭/૧૨/૨૦૨૪ના પત્ર ક્રમાંક:મકમ-૨/ઇસી-દિવ્યાંગતા/૨૦૨૪/ ૧૧૬૨ની અને તા.૧૧/૦૩/૨૦૨૫ના પત્ર ક્રમાંક : મકમ-૨/ઇસી-૩/દિવ્યાંગતા/૨૦૨૫/૩૨૧ની દરખાસ્ત.

આમુખ :

૨. ભારત સરકારના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના Act No. 49 of 2016 (THE RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT, 2016) મુજબ રાજ્ય સરકારની સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓને સમાન તક મળે તે માટે દિવ્યાંગતા સુનિશ્ચિત કરવા માટે તેમજ દિવ્યાંગ વ્યક્તિઓ માટે જગ્યાઓ અનામત રાખવા બાબતે વંચાણે લીધેલ ક્રમ (૨) મુજબના ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના જાહેરનામાથી ભારત સરકાર હસ્તકના સંવર્ગ માટે દિવ્યાંગતા નિયત કરવામાં આવેલ છે.

વધુમાં, ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયની વંચાણે લીધેલ ક્રમ (૩) પરની અધિસૂચનાથીકોઇપણ પ્રકારની ન્યુરોલોજીકલ અંગોની નિષ્ક્રિયતા વિનાની અને નિષ્ક્રિયતા સાથેની SPINAL DEFORMITY (SD) અને SPINAL INJURY (SI) હલન-ચલનની દિવ્યાંગતા (LOCOMOTOR DISABILITY) સમાવેશ કરવા અંગેનો સુધારો કરવામાં આવેલ છે. જેના આધારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૬) પરના પરિપત્ર અને સુધારા પરિપત્રથી રાજ્ય સરકાર હસ્તકની તમામ સંવર્ગોમાં પણ જે તે સંવર્ગ માટે સંબંધિત વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતાના પ્રકારમાં ભારત સરકાર દ્વારા ઉક્ત અધિસૂચનાથી જણાવ્યા મુજબની દિવ્યાંગતાના પ્રકાર ઉમેરવા

સંબંધે સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૭) પરના ઠરાવોથી બંને હાથ (BA) અને બંને પગ (BL) પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને અરજી કરવાની મંજૂરી આપવાનું ઠરાવેલ છે જેના અનુસંધાને બંને હાથ (BA) અને બંને પગ (BL) પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને અરજી કરવાની શરતી મંજૂરી આપવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૯) પરના ઠરાવ/સુધારા ઠરાવથીનર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સંવર્ગોની દિવ્યાંગતા સુનિશ્ચિત કરવામા આવેલ છે. જેમા, જળ સંપત્તિ પ્રભાગના જે-તે સંવર્ગોની કામગીરી સાથે સામ્યતા ધરાવતા બોર્ડ હસ્તકના કુલ ૦૯ સંવર્ગોમા દિવ્યાંગ વ્યક્તિઓ માટે દિવ્યાંગતા સુનિશ્ચિત કરવા માટે વંચાણે લીધેલ ક્રમ (૮)પરની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તજજ્ઞ સમિતિની મંજૂરી અન્વયે નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાના અંતે વંચાણમાં લીધેલ એક્ટ/જાહેરનામા/પરિપત્રો/ઠરાવો/અધિસૂચના અન્વયેની સૂચનાઓના પરિપ્રેક્ષ્યમાં કરવામા આવેલા વિભાગના વંચાણે લીધેલા ક્રમ (૧૦) પરના ઠરાવો/સુધારા ઠરાવને સંકિલત કરી તથા વંચાણે લીધેલ ક્રમ (૮) પરની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તજજ્ઞ સમિતિની મંજૂરી અન્વયે સદર ઠરાવમાં દર્શાવેલ જળ સંપત્તિ પ્રભાગના જે-તે સંવર્ગોની સાથે સામ્યતા ધરાવતા વંચાણે લીધેલ ક્રમ (૯) પરના નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઠરાવ/સુધારા ઠરાવ મુજબના આ વિભાગ હસ્તકના કુલ ૦૯ સંવર્ગોમા દિવ્યાંગ વ્યક્તિઓની જગ્યાઓ સુનિશ્ચિત કરવા માટે નીચે દર્શાવેલ પત્રક મુજબની દિવ્યાંગતાને માન્ય રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગ | અનુકૂળ શારિરીક જરૂરિયાત | ભારત સરકાર/સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા કરેલ સુચિત ફેરફાર પ્રમાણે પાણી પુરવઠા પ્રભાગ દ્વારા નિયત કરવામા આવેલ દિવ્યાંગતા |
|---|---|---|---|
| ૧ | કાર્યપાલક ઇજનેર (સિવિલ), વર્ગ-૧ | S, ST, W, BN, MF, RW, SE, C | **(a)** B, LV<br>**(b)** D, HH<br>**(c)** OA, OL, CP, LC, Dw, AAV, SD, SI, BA*, BL*<br>**(d)** ASD(M), ID, SLD, MI<br>**(e)** MD (40-70) % |
| ૨ | નાયબ કાર્યપાલક ઇજનેર (સિવિલ), વર્ગ-૨ | S, ST, W, BN, MF, RW, SE, C | **(a)** B, LV<br>**(b)** D, HH<br>**(c)** OA, OL, CP, LC, Dw, AAV, SD, SI, BA*, BL*<br>**(d)** ASD(M), ID, SLD, MI<br>**(e)** MD (40-70) % |
| ૩ | મદદનીશ ઇજનેર (સિવિલ) , વર્ગ-૨ | S, ST, W, BN, JU, CL, MF, RW, SE, C | **(a)** ----<br>**(b)** D, HH<br>**(c)** OA, OL, LC, Dw, AAV, SD, SI, BA*, BL*<br>**(d)** SLD, MI<br>**(e)** MD |

6588
153

| | | | |
|---|---|---|---|
| ૪ | અધિક મદદનીશ ઇજનેર (સિવિલ) , વર્ગ-3 | S, ST, BN, KC, MF, RW, SE, H, C | **(a)** ----<br>**(b)** D, HH<br>**(c)** OA, OL, LC, Dw, AAV, SD, SI, BA*, BL*<br>**(d)** SLD, MI<br>**(e)** MD |
| ૫ | કાર્યપાલક ઇજનેર (યાંત્રિક) , વર્ગ-૧ | S, ST, BN, KC, MF, SE, H, C, RW | **(a)** ----<br>**(b)** D, HH<br>**(c)** OA, OL, LC, Dw, AAV, SD, SI, BA*, BL*<br>**(d)** SLD, MI<br>**(e)** MD |
| ૬ | નાયબ કાર્યપાલક ઇજનેર (યાંત્રિક) , વર્ગ-૨ | S, ST, BN, KC, MF, SE, H, C, RW | **(a)** ----<br>**(b)** D, HH<br>**(c)** OA, OL, Dw, AAV, SD, SI, BA*, BL*<br>**(d)** SLD, MI (40-70) %<br>**(e)** MD (40-70) % |
| ૭ | મદદનીશ ઇજનેર (યાંત્રિક) , વર્ગ-૨ | S, ST, BN, KC, MF, SE, H, C, RW | **(a)** ----<br>**(b)** D, HH<br>**(c)** OA, OL, Dw, AAV, SD, SI, BA*, BL*<br>**(d)** SLD, MI (40-70) %<br>**(e)** MD (40-70) % |
| ૮ | અધિક મદદનીશ ઇજનેર (યાંત્રિક) , વર્ગ-3 | S, ST, W, BN, MF, RW, SE, H, C | **(a)** ----<br>**(b)** D, HH<br>**(c)** OA, OL, Dw, AAV, SD, SI, BA*, BL*<br>**(d)** SLD, MI (40-70) %<br>**(e)** MD (40-70) % |
| ૯ | ઓવરશીયર, વર્ગ-3 | S, ST, BN, RW, SE, C, MF | **(a)** B, LV<br>**(b)** D, HH<br>**(c)** OA, OL, CP, LC, Dw, AAV, SD, SI, BA*, BL*<br>**(d)** ASD(M), ID, SLD, MI<br>**(e)** MD (40-70) % |

661C

Letter No: NWRWSKD/1631/05/2025 Approved Date: 06-06-2025

**FUNCTIONAL REQUIREMENT ABBREVIATIONS USED: S**=Sitting, **ST**=Standing, **W**=Walking, **BN**=Bending, **L**=Lifting, **KC**=Kneeling & Crouching, **JU**=Jumping, **CRL**=Crawling, **CL**=Climbing, **PP**=Pulling & Pushing, **MF**=Manipulation with fingers, **RW**=Reading & Writing, **SE**=Seeing, **H**=Hearing, **C**=Communication.

**CATEGORY ABBREVIATIONS USED: B** =Blind, **LV**=Low Vision, **D**=Deaf, **HH**= Hard of Hearing, **OA**=One Arm, **OL**=One Leg, **BA**=Both Arms, **BL**=Both Leg, **OAL**=One Arm and One Leg, **BLOA**=Both Leg & One Arm ,**BLA**=Both Legs Arms, **CP**=Cerebral Palsy, **LC**=Leprosy Cured, **Dw**=Dwarfism, **AAV**=Acid Attack Victims, **MDy**= Muscular Dystrophy, **SD**= Spinal Deformity, **SI**= Spinal Injury, **ASD**= Autism Spectrum Disorder (**M**= Mild, **MoD**= Moderate), **ID**= Intellectual Disability, **SLD**= Specific Learning Disability, **MI**=Mental Illness, **MD**=Multiple Disabilities, **FD**=Fully Deaf, **SD**=Spinal Deformity, **SI**=Spinal Injury.

**નોંધ : BA*, BL* માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૩ અને તા.૧૧/૧૦/૨૦૨૩ના ઠરાવની જોગવાઈ અનુસાર દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો માટે મેડિકલ બોર્ડના અભિપ્રાયનાં આધારે નિમણૂંક આપવાની શરતે ઉમેદવારી નોંધવાની મંજૂરી આપવાની રહે છે.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

[ વી. એમ. પટેલ ]
નાયબ સચિવ (પાણી પુરવઠા)
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

૧. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.(પત્ર દ્વારા)

૨. સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર. (પત્ર દ્વારા)

<u>નકલ સવિનય રવાના</u> :

- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (પા.પુ.) ના રહસ્ય સચિવશ્રી, ન.જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સીલેક્ટ ફાઈલ.
- શાખા સીલેક્ટ ફાઇલ.

File No: NWRWSKD/EST/e-file/13/2025/2491/KH
Approved By: Principal Secretary,Secretary Office - Water Supply,NWRWSKD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*